
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



SHRI ATMANAND PRAKAS



સમેતશિખર તીર્થનું મુખ્ય જિનાલય

પુસ્તક ૫૪
અંક ૧૧

પ્રકાશક:-
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

ભાદરવો
સં. ૨૦૧૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| ૧. | માનવદેહ સેવા અર્થે મળ્યો છે. | (દેસાઈ વાલજી ગોવીંદજી) | ૧૬૯ |
| ૨. | માનવવિભૂતિ | ( અભ્યાસી ) | ૧૭૦ |
| ૩. | પર્યુષણ પર્વ નિમિત્તે શ્રી જિનેશ્વર સ્તુતિ | ( અભ્યાસી ) | ૧૭૦ |
| ૪. | વ્યભિચાર નિંદા | ( ષડ્ગુણ ) | ૧૭૧ |
| ૫. | સરસ્વતી પૂજન | ( શ્રી બાલચંદ હીરાચંદ ' સાહિત્યચંદ્ર ' ) | ૧૭૨ |
| ૬. | દૌલત અને ડહાપણ | (મુનિશ્રી જ્ઞાનવિજયજી-ત્રિપુટી ) | ૧૭૫ |
| ૭. | ભગવંત મુખે ચઢેલ સ્ત્રીરત્ન : ૪ | ( શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી ) | ૧૭૭ |
| ૮. | સ્વાશ્રયી બનો : ૪ | ( અનુ. શ્રી વિઠ્ઠલદાસ મૂ. શાહ ) | ૧૮૧ |
| ૯. | શ્રી આત્મારામજીકૃત સત્તરભેદી પૂજા-સાર્થ | ( પં. શ્રી રામવિજયજી ગણિવર્ય ) | ૧૮૩ |



# સભામાં મળતાં સંસ્કૃત પુસ્તકો

આ વિભાગના નીચેના સાત નંબર સુધીના ગ્રંથો સ્ટોકમાં ન હતા, પરંતુ તેની ખાસ માગ આવવાથી સ્પેશીયલ સ્ટોકમાં હતા તેમાંથી અમુક કોપી વેચાણ માટે કાઢવામાં આવેલ છે જે સ્ટોકમાં હશે ત્યાંસુધી જ ખાસ કેસ તરીકે સાડાબાર ટકાના કમીશનથી આપવામાં આવશે તો આ તકનો તરત લાભ લેવા વિનતિ છે.

१ वसुदेव हिन्डी : [ પ્રથમ અંશ ] ७-०-०
२ वसुदेव हिन्डी : [દ્વિતીય અંશ] ७ ०-०
[ બન્ને ભાગ સાથે જ આપવામાં આવશે ]
३ आ. देवेन्द्रसूरिकृत टीकायुक्त —
कर्मग्रंथ भा. १ लो [એકથી ચાર] ६-०-०
४ ,, भा. २ जो [પાંચ અને છ] ६-०-०
[બન્ને ભાગ સાથે જ આપવામાં આવશે]
५ बृहत् कल्पसूत्र भा. २-३-४-५-६ [ દરેકના ] २-०-०
६ कथारत्नकोष-मूळ मागधी [ ગ્લેઝ ] ८-०-०
७ ,, ,, [ લેઝર ] १०-०-०
९ चंद्रलेखा [ પ્રતાકારે ] भेट
१० जैनमेघदूत २-०-०
११ सूक्त रत्नावली ०-४-०
१२ सूक्त मुक्तावली ०-४-०
१३ प्रकरण संग्रह [ પ્રતાકારે ] જેમાં સિંદુર પ્રકરણ મૂળ, તત્ત્વાર્થાધિગમ સૂત્ર મૂળ; ગુણસ્થાનક્રમારોહ મૂળ છે ] ०-८-०
१४ त्रिषष्टी पर्व भा. १ लो મૂળ [સંસ્કૃત] ६-०-०
१५ " भा. २ जो " ' ८-०-०
१६ " " [પ્રતાકારે] १०-०-०

લખો:—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આત્માનંદ પ્રકાશ

વર્ષ ૫૪ મું ] સં. ૨૦૧૩ : ભાદરવો [ અંક ૧૧

# માનવદેહ સેવા અર્થે મળ્યો છે

સત્યયુગ તો ગયો અને હવે કલિકાલ છે એમ લોકો સામાન્યતઃ માને છે; પણ ગાંધીજી એમ માનતા કે માણસ જાતનો સ્વભાવ સદાકાળ ઊંચે જ ચડતો હોય છે; એટલે એના ભાવી વિષે મને નિરાશા કોઈ કાળે ન થાય.

અને માણસજાતની સેવા અર્થે આપણે ૧૨૫ વર્ષ જીવવા ઇચ્છવું એમ ગાંધીજી કહેતા. આ મનોરથ પૂર્ણ કરવામાં આવશ્યક શરત આ એક જ છે કે સેવા અનાસક્તિપૂર્વક કરવી એટલે કે સેવા સફળ થાય કે નિષ્ફળ એનો વિચાર જ ન કરવો. ૧૨૫ વર્ષ જીવવું એટલે સગાંસંબંધી ઉપર ભારરૂપ થઈને મૂવા વાંકે જીવવું એમ નથી. જો એવી દુર્દશા જ હોય તો ભગવાન આગળ માગવું કે આપણને ઝટ છૂટા કરે.

માનવદેહ સેવા અર્થે મળ્યો છે; ભોગ ભોગવવા નહિ જ. સુખનું સાધન ત્યાગ છે. ત્યાગ જીવન છે અને ભોગ મૃત્યુરૂપ છે. જીવન સેવામાં સમર્પી દેવું. સેવા અર્થે કરેલો ત્યાગ અહાર્ય તથા અદ્વિતીય આનંદ આપે છે, કેમ કે તે અમૃત અંતરમાંથી ઝરે છે ને જીવનને પોષે છે. આમાં ચિંતા કે અધીરાઈને ક્યાંય સ્થાન નથી. આવા આનંદ વિના દીર્ઘાયુષી ન થવાય ને થવાય તો પણ એમાં કાંઈ સાર નહિ.

દેશાઈ વાલજી ગોવિંદજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# માનવ વિભૂતિ

અતિ પુન્યના ઉત્કર્ષથી માનવ વિભૂતિ મેળવી;
હે ભ્રાત ! આમર્ષથી ભવસાગરે નૌકા ગણી લે કેળવી.—૧
તરી પાર જાવા સાધનો જે જે કહ્યા વિદ્વદૂજને;
ગૃહી સફળ કર સુપ્રયોગ સુંદર શિવવધૂ વરશે તને.—૨
છે પાપકેરા સ્થાન અષ્ટાદશ કહ્યા આગમ વિશે;
ત્યાં ધર્મસ્થાનક ચતુષ્ક છે તે નિત્ય મુનિવર ઉપદિશે.—૩
ત્યાગો ગ્રહો તદ્‌વિધિથી સમ્યક્ પ્રકારે સાંભળી;
ઇપ્સિત પૂર્ણ થવા તમોને માર્ગદર્શકતા મળી.—૪
વ્યવહાર ને નિશ્ચય સુમાર્ગે સાધ્યદૃષ્ટિ રાખજો;
ઉત્સર્ગ ને અપવાદ ઘટના હૃદયપટ પર સ્થાપજો.—૫
વળી નિમિત્ત ઉપાદાનની સહુ કાર્યકારણ ભાવમાં;
સમજણ લઇ આગળ વધો વેગે જશો કૈલાસમાં.—૬

અભ્યાસી

# પર્યુષણ પર્વ નિમિત્તે શ્રી જિનેશ્વરસ્તુતિ

( શાર્દૂલવિક્રીડિત )

સેવા દેવતણા સમૂહ કરતા આનંદના કંદની,
જેના શર્ણથકી વિશેષ સુણીને ઈન્દ્રો સહુ સ્વાદ લે;
તેનું શર્ણ લઇ સદા ઉપશમે વિરામું હું સુખથી,
સ્નેહે શ્રી જિનરાજ પાદકમળે પર્યુષણે હું નમું.

ઉપાધિ કરું દૂર હું હિલતણી ઈન્દ્રિયને દાબીને,
ધારું સત્સમભાવ હું હૃદયમાં શ્રીકલ્પને સુણીને;
વિરામું વિષયોતણા વિષથકી વેગે ધરી શાંતિને,
સ્નેહે શ્રી જિનરાજ પાદકમળે પર્યુષણે હું નમું.

સંસારે તપના પ્રચંડ બળથી નિસ્તાપ વેગે થઉં,
આવે જેથી અનંતવાર ભવના ફેરાતણો અંત રે;
પામું ભક્તિ અહોનિશ સુગુરુની ત્યાગી અભિમાનને,
સ્નેહે શ્રી જિનરાજ પાદકમળે પર્યુષણે હું નમું.

પૂજું પ્રેમ ધરી પ્રતાપી પ્રતિમા પર્માત્મરૂપી અહો,
લાવીને સમભાવ અંતરવિશે તને જ ધ્યાવું મુદા;
જે દુષ્કૃત્ય કર્યાં હશે મલિન મેં મિથ્યા કહું હું હવે,
સ્નેહે શ્રી જિનરાજ પાદકમળે પર્યુષણે હું નમું.

અભ્યાસી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વ્યભિચાર નિંદા

હરિગીત

ધન જાય કીર્તિ જાય છે વળી કુળ કલંકિત થાય છે,
બલ ક્ષીણુ થાય અને વળી આયુષ્ય ઓછું થાય છે;
વિદ્યા અને વિનયાદિ સર્વે ધૂળધાણી થાય છે,
વ્યભિચારીનો ઉત્કૃષ્ટ માનવ દેહ એળે જાય છે.

પગલાં ન ઇચ્છે ઘેર કો ‘ધિક્’ સજ્જનો મુખથી કહે,
સતીજનતણી દૃષ્ટિ વિષે નિત ઝેર તેના પર રહે;
વ્યભિચારીનું મૃત્યુ ઘણું કરી વગરમોતે થાય છે,
વ્યભિચારીનો ઉત્કૃષ્ટ માનવ દેહ એળે જાય છે.

નિજ નાર રૂપ–ભંડાર પણ પરદારમાં આસક્ત જે,
તે સૂકર સમ ત્યજી અન્ન મીઠું દુષ્ટ વિષ્ટા ખાય છે;
તે ખ્વાર થાયે સર્વથા પણ ના હરામી છોડશે,
વ્યભિચારીનો ઉત્કૃષ્ટ માનવ દેહ એળે જાય છે.

નિજ દાર મીઠું ફળ તજી પરદાર વિષફળ ખાય છે,
દુઃખી થઇ અહિં તેહ અંતે નરકમાંહિ જાય છે;
રોશે મૂકીને પોક જ્યારે પ્રભુ પ્રશ્નો પૂછશે,
વ્યભિચારીનો ઉત્કૃષ્ટ માનવ દેહ એળે જાય છે.

પરદાર છે અંગાર તેને રત્ન કિંમતી ના ગણો,
ઘરનાર પુષ્પની માળ તેને કાળ સર્પ નહિં ગણો;
પરદાર નરકનું દ્વાર તે આપદ્તણું આગાર છે,
વ્યભિચારીનો ઉત્કૃષ્ટ માનવ દેહ એળે જાય છે.

વ્યભિચારી પુત્રતણો પિતા અગ્નિવિના જ બળ્યા કરે,
તે પુત્રની માતા બિચારી લોકમાં શરમે મરે;
દુર્ભિક્ષમાંહિ લતા પરે પત્ની સદા સૂકાય છે,
વ્યભિચારીનો ઉત્કૃષ્ટ માનવ દેહ એળે જાય છે.

સત્કર્મ કરવા ઇન્દ્રિયો દૈવે દીધાં નરનારીને,
દુષ્કર્મ કરશો તે થકી તો કયમ દૈવ નહિ કોપશે?
સત્કર્મ કરી સ્વર્ગે જશો તો સૌખ્ય પ્રભુ સહુ આપશે,
વ્યભિચારીનો ઉત્કૃષ્ટ માનવ દેહ એળે જાય છે.

ષડ્ગુણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સરસ્વતીપૂજન

લેખક : શ્રી બાલચંદ હીરાચંદ 'સાહિત્યચંદ્ર'

પ્રાચીન કે અર્વાચીન ધર્માનુયાયી કોઇ પણ ગ્રંથકાર પોતાના ગ્રંથના પ્રારંભમાં જ શ્રી સરસ્વતીદેવીની પ્રાર્થના કરે છે. એથી જ સ્પષ્ટ જણાય છે કે વાણીમાં અને લેખમાં સ્પષ્ટતા, શુદ્ધતા અને મધુરતા જેની આવશ્યકતા હોય છે તે સરસ્વતી માતાની કૃપાથી જ આવી શકે. પરમાત્મા અરિહંત ભગવંતની સ્તુતિ કે પ્રાર્થના કરવી હોય તો પણ પ્રથમ શ્રી સરસ્વતી પ્રસન્ન થઇ હોય તો જ તે કરી શકાય. જેણે જ્ઞાનાવરણીય કર્મોનો યથોચિતપણે નાશ કરેલો હોય તેની ઉપર જ સરસ્વતીદેવીની કૃપા ઊતરે છે. અને એની વાણીમાં અને લેખિનીમાં અર્થવાહી શબ્દો સ્વાભાવિક રીતે ઊતરી પડે છે. લેખક અને કવિ જ્યારે પોતાની સમાધીમાં લીન થઇ જઈ આખા જગતને ભૂલી જાય છે ત્યારે જ તેની વાણીમાં પ્રતિભા જાગૃત થાય છે. અને નહીં ધારેલી શબ્દગૂંથણી એ કરી શકે છે. અને એનો કવિ કે લેખક પોતાની જ કૃતિ ઉપર મુગ્ધ થઇ જાય છે. પોતાના હાથે જ આવું સરસ લખાણ શી રીતે નિર્માણ થયું, એનું એને આશ્ચર્ય થાય છે. એ કૃતિ યોગસમાધિમાં અને ચિત્તની પ્રસન્ન અવસ્થામાં ઉત્પન્ન થએલી હોવાને લીધે જ તે દેવી સરસ્વતીની કૃપા જણાય છે.

લક્ષ્મી અને સરસ્વતી એ બન્ને ભગિનીઓ મનાય છે. પણ લક્ષ્મી તો ક્ષણે ક્ષણે ક્ષયવૃદ્ધિને આધીન જ રહેલી હોય છે લક્ષ્મીનો સંબંધ બાહ્ય ઉપાધિથી રહેલો છે. તેવો સરસ્વતીનો હોતો નથી તેમ લક્ષ્મીની કૃપા માટે સરસ્વતીની અંશતઃ પણ સેવા અનિવાર્ય હોય છે. જરૂર પૂરતું લેખન અને ગણિત આવડતું ન હોય તો લક્ષ્મી પણ મેળવી શકાય નહી, મતલબ કે સરસ્વતી એ મુખ્ય દૈવત છે. લક્ષ્મીનું સ્થાન ગૌણ છે. જેણે સરસ્વતી અલ્પ પણ સાધ્ય કરી હોય તે લક્ષ્મીને આકર્ષી શકે છે. પણ સરસ્વતીની અલ્પ પણ સેવા નહીં કરેલ મનુષ્ય લક્ષ્મીને સાધ્ય કરી શકતો નથી. સરસ્વતીની યત્કિંચિત્ પણ સેવા નહીં કરેલા મનુષ્ય પાસે જો લક્ષ્મી આવી જાય તો નક્કી સમજી લેવું જોઇએ કે એ એક અકસ્માત જ છે. અથવા પૂર્વાર્જિત કર્મના ફલસ્વરૂપ એ લક્ષ્મીની પ્રાપ્તિ થયેલી હોવી જોઈએ. એવી પરિસ્થિતિમાં લક્ષ્મીની સ્થિરતા અત્યંત દુષ્કર હોય છે.

કોઈ કવિએ લક્ષ્મીને પ્રશ્ન કર્યો કે 'મૂર્ખાઓ પાસે તુ રહે છે એથી તારી ચંચલતા, મૂર્ખાઈ, પાપીવૃત્તિ જણાઇ આવે છે. અને સજ્જન જ્ઞાનીની સોબત તને ગમતી જ નથી.' તેના જવાબમાં લક્ષ્મી જવાબ આપે છે કે 'કવિરાજ ! તમારી સમજણમાં ભૂલ જણાય છે. કારણ જ્ઞાનીજનો, સજ્જનો મૂળથી જ મારા વિરોધી હોય છે. મારી કીંમત આંકતા જ નથી. મારો તિરસ્કાર કરે છે. અને પોતાની જ્ઞાનતંદ્રામાં નિમગ્ન રહી મને વખોડી કાઢતા જ રહે છે, તેથી એવા જ્ઞાનીઓ પાસે હું શી રીતે રહી શકું ? બીજી વાત એ પણ છે કે, જ્ઞાની મનુષ્ય જ્યાં જાય છે ત્યાં પૂજાય છે. તેમ મૂર્ખાઓ મારા વગર પૂજાઇ શકતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી. તેમની મને દયા આવે છે. તેટલા માટે જ હું તેમની પાસે જઇ રહું છું. મૂર્ખાઓ માટે મને પ્રેમ છે, એમ સમજવાનું નથી. એમાં તો મારો દયાભાવ જ સ્પષ્ટ જણાઇ આવે છે. એ કાવ્યનો ફક્ત હેતુ અને સાર જ આપણે ગ્રહણ કરવાનો છે.

દીવાળીમાં લક્ષ્મી સાથે સરસ્વતીની પૂજા બધા વેપારીઓ કરે છે. તેમાં દેવી સરસ્વતીની પૂજા કેટલી હદ સુધીની ? સરસ્વતીની પૂજા કેટલા અંશની ? લક્ષ્મી પ્રસન્ન થાય તેટલા જ પૂરતી ને ? એટલે સરસ્વતીની પૂજા તો નામ માત્રની હોઇ શકે અને તે પણ લક્ષ્મીની પૂજા સફળ કરી આપે તેટલા પૂરતી જ હોય છે. સરસ્વતીનું પૂજન કેવળ દંભરૂપ જ હોય છે. એનું પૂજન કરવામાં પોતાને સરસ્વતીની પ્રસન્નતા મળે, વિદ્યા અને જ્ઞાન મળે એવો હેતુ સ્વપ્નમાં પણ ધારવામાં આવતો નથી. એ તો 'પીછેસે ચલી આઇ' એમ જ ધરેડ ચાલ્યા કરે છે. સરસ્વતીની પૂજા તો નામ માત્ર અને દેખાવ પૂરતી જ હોય છે. પોતાના વેપારની ગતિ શીઘ્ર થાય તે માટે અને તેટલા પૂરતી જ સરસ્વતીને યાદ કરવામાં આવે છે. બાકી વિચારની ઉપાસના, તેના માટે તાલાવેલી કે ગ્રંથવાચન અને ગુરુની સેવા એવો વિચાર કોઇના મનમાં હોય જ નહીં અને એવા વિચારથી કોઈ જો સરસ્વતીની પૂજા કરે અને સરસ્વતીની આરાધના કરવા માટે જો ગ્રંથવાચન કે પઠનપાઠન કરવા બેસે તો બધાઓની દૃષ્ટિમાં એ મૂર્ખ જ ગણાય !

આપણે બધા ઘણાભાગે વેપારી હોવાને લીધે આપણામાં સાહિત્યિક પંડિતો વિગેરેનો લગભગ અભાવ હોય એ સ્વાભાવિક છે. સંસ્કૃત ભણવું અને કાવ્યવાચન વગેરે વિદ્યાની ઉપાસનાના માર્ગોનો આદર કરવો "એ તો બ્રાહ્મણોનું કામ હોય, એમાં આપણે માથું મારવાનો પ્રયત્ન કરવો એ મૂર્ખાઈ છે," એવું બોલનારા ધનવાનો અમારા જાણવામાં છે.

નિત્યપૂજા આદિ ક્રિયાકાંડ કરનારાઓની વૃત્તિનો એક નમૂનો જોવામાં આવે છે. એ એવો છે કે, ધાતુની પ્રતિમા કરતાં ચાંદીની પ્રતિમાને વધારે ભક્તિથી પુષ્પો ચઢાવાય. સ્ફટિક આદિની પ્રતિમાને તેના કરતાં પણ વધુ મહત્ત્વ આપવામાં આવે. એમાં કેવી ભાવના તરી આવે છે? પૂજનમાં પણ કીંમતી ધાતુને વધારે પડતું માન આપવામાં આવે છે એ સ્પષ્ટ છે. એમાં પણ લક્ષ્મીનું જ પૂજન અભિપ્રેત છે એ સ્પષ્ટ જોવામાં આવે છે.

ધાર્મિક દૃષ્ટિથી પાઠશાળાઓ ચાલે છે ત્યાં હમેશ દ્રવ્યની અછત જોવામાં આવે છે અને કાર્યકરો સામે હમેશને માટે ચિંતા રહે છે. તેને ઘેર ઘેર કાલાવાલા કરતા ફરવું પડે છે. અને મંદિરમાં ચાંદીનું સિંહાસન કરાવવું હોય કે તોરણ બંધાવવું હોય કે એકાદ પ્રતિમા માટે ચાંદીની આંગીનું ખોખું કરાવવું હોય તો ત્યાં પડાપડી ચાલુ થાય છે. એ વસ્તુ શું બતાવી આપે છે? એ ઉપરથી સ્પષ્ટ સિદ્ધ થાય છે કે સરસ્વતીને આપણે તદ્દન ઓળખતા જ નથી. આડંબર, ભપકો, દોડાદોડ અને દ્રવ્યની પૂજામાં જેટલો રસ પડે છે તેટલો તો શું પણ તેના અંશ જેટલો પણ સરસ્વતીની ભક્તિમાં રસ આપણા સમાજમાં રહ્યો નથી, પણ સાથે એ પણ ધ્યાનમાં રાખવું જોઇએ કે, જે થોડો પણ રસ ધાર્મિક ક્રિયાઓમાં જોવામાં આવે છે તેનું મૂળ કારણ સાક્ષાત્ સરસ્વતી જ છે. જ્ઞાન ન હોય તો બધું જ જવાનું છે.

જગતમાં નિખાલસ ભાવો અને કોઈ પણ જાતના અભિનિવેશ વગર ફક્ત જગતમાં સત્ય શું છે એ જાણવાની શુદ્ધ બુદ્ધિથી જ્ઞાન મેળવનારની સંખ્યા વધતી જાય છે. અને તેમની સામે યોગ્ય પ્રકારનું વાચન મૂકવું જોઇએ એવો સુવર્ણ અવસર આપણી આગળ ઊભો છે. એ અવસર આપણે ઓળખી શકતા નથી. મુખ્ય કારણ કાંઈ હોય તો તે સરસ્વતીની યોગ્ય માર્ગે આપણે પૂજન અને સેવા કરતા નથી એ જ છે. આપણે તો "અમે સારા અને જગતમાં અન્ય માનવી ખોટા" અગર "ધર્મ અમે જ ઓળખી શકીએ બીજા બધા જ અધર્મી હોય જ" એવી ખોટી ભાવના ધારણ કરી આત્મસંતુષ્ટ રહીએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છીએ. એ તો ધર્મની કુસેવા જ કરેલી ગણાય અને સરસ્વતી માતાને તેના સાચા રૂપમાં આપણે ઓળખી જ શકયા નથી એ સુસ્પષ્ટ થાય છે.

ધર્મસાધના અને આત્માની ઓળખાણ કરવી એ કાંઈ અમુક વર્ગોનો વારસો કે હક્ક નથી. ગમે તેવા પતિતનો પણ એની ઉપર હક્ક છે. ગમે તેવા પાપી અને હીન વૃત્તિના માનવો પણ સાચે માર્ગે આવી શકે છે. એના જ્વલંત પુરાવાઓ શાસ્ત્રકારોએ ઠેરઠેર આપેલા છે. છતાં આપણા શાસ્ત્રવચનોનો ફેલાવો આધુનિક પદ્ધતિથી આવિષ્કૃત કરી શકતા નથી એ ઉપરથી સ્પષ્ટ સિદ્ધ થાય છે કે આપણે તો લક્ષ્મીની જ સેવા-ભક્તિ અને ઉપાસના, રાત-દિવસ કરવામાં મસ્ત બની ગયા છીએ. અને તેની પાછળ પાપ પુણ્ય પણ આપણે ઓળખી શકતા નથી. એ શું બતાવે છે? દેશદ્રોહ કે કાળાબજારનો મોહ આપણે છોડી શકતા નથી, લડાઇ જાગે તો મજા પડે એમ રાતદિવસ ઝંખના કરનારાઓ શું ધર્મનો દ્રોહ નથી કરી રહ્યા? તેમના ટીલાં-ટપકાં કે વ્રતો-ઉદ્યાપનો શું ધર્મનું પોષણ કરનારા હોય છે? એમાં સરસ્વતીની ઉપાસના છે કે અધર્મનો અને લક્ષ્મીનો મોહ છે?

જ્ઞાનપંચમીનું પર્વ શાસ્ત્રકારોએ ખાસ ઉપદેશેલું છે, એ નિમિત્તે ગ્રંથો અને પુસ્તકોનું પ્રદર્શન ભરવામાં આવે છે. પણ એ પુસ્તકો વાંચવાના કે જોવાના પણ હોતા નથી. એ પુસ્તકો તો જાણે મૂર્તિઓ હોય એમ લાંબેથી દર્શન કરવા પૂરતા જ હોય છે. તેની આગળ ધૂપ, દીપ, ફૂલો, ફળો અને નૈવેદ્ય ધરાય છે અને પૂજન સ્તવન કરાય છે. ઉપવાસ અને જાપ કરાય છે અને આવી રીતે જ્ઞાનને આવરી રાખનારા કર્મોને તોડવાનો પ્રયત્ન કરવામાં આવે છે. અને તે પ્રસંગે વરદત્ત અને ગુણમંજરીની રસાળ કથા સાંભળવામાં આવે છે. આમ જ્ઞાનના ગુણના ખૂબ વાજાં-ગાજાં કરવામાં આવે છે. જ્ઞાન અને જ્ઞાનીઓનું મોઢેથી વર્ણન કરાય છે. અને આપણે જાણે જ્ઞાનાવરણીય કર્મો ખૂબ તોડી નાખ્યા એવો આત્મસંતોષ માની લેવામાં આવે છે. આમ કરવામાં અને એ પર્વનું યથાવિધિ પાલન કરવામાં કાંઇ દોષ છે, એમ અમારો કહેવાનો જરાએ હેતુ નથી. પણ જ્ઞાનાવરણીય કર્મોનો એવી રીતે નાશ શી રીતે થતો હશે? એનો જરા શાંતચિત્તે વિચાર કરવાની જરૂર નથી જણાતી શું?

આમ એકલી ફ્લ, ફૂલ અને નૈવેદ્યપૂજાથી જ્ઞાનાવરણીય કર્મો તૂટી જતા હશે શું? આખરે જ્ઞાન તો ભણ્યા પછી જ આવવાનો સંભવ છે, રાત દિવસ ગુરુસેવા, ગ્રંથવાચન અને પઠનપાઠન, વારંવાર અધ્યયન કરવાથી જ સાચી જ્ઞાનની ઉપાસના થઈ શકશે. ફક્ત દ્રવ્યથી પૂજન કરવાથી નહી જ, એ માટે પ્રત્યક્ષ પ્રયત્ન કરવાની કોઇ જ શરૂઆત ન કરે ત્યાં સુધી જ્ઞાનાવરણીય કર્મોની પકડ આપણા ઉપર ચાલુ જ રહેવાની છે. પ્રભુની પૂજા દ્રવ્ય આગળ ધરી સ્તુતિ-સ્તવન કરી શકાય પણ સાધુની પૂજા પણ એ જ રીતે કરો તો શી રીતે યોગ્ય ગણાય? સાધુની પૂજા, સેવા, ભક્તિ કરવી હોય તો તેમને ઉચિત એવો આહાર, પાણી, વસ્ત્ર આદિ આપીને જ કરી શકાય. લક્ષ્મીની પૂજા પણ આપણે ફક્ત ફળ, ફૂલ, નૈવેદ્ય અર્પણ કરી પૂરી થઇ એમ માનતા નથી. તેને માટે કોઈ યોગ્ય વ્યવસાય, વ્યાપાર કે નોકરી પસંદ કરીએ છીએ. અગર કોઈ હુન્નર-કળા કે કારખાનું ખોલી લક્ષ્મીની સાચા માર્ગે ઉપાસના કરવા પ્રેરાઇએ છીએ. તેમજ સરસ્વતીની સેવા-ભક્તિ કરવી હોય તો તે અધ્યયન અધ્યાપન ગુરુદ્વારા પઠનપાઠન કરવાથી જ થઇ શકે અને જ્ઞાનાવરણીય કર્મો ત્યારે જ કાંઇક શિથિલ થઇ શકે. આપણને સરસ્વતીપૂજનનો સાચો માર્ગ સાંપડે અને આપણે સૌ સરસ્વતીની સાચી પૂજા કરતા થઇએ એ જ અભ્યર્થના!

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# દૌલત અને ડહાપણ

મુનિશ્રી જ્ઞાનવિજયજી (ત્રિપુટી)

"મહારાજ ! **मत्थएण वन्दामि** ?" એક સોળ વર્ષના યુવકે ઉચ્ચાર કર્યો.

"**धर्मलाभ** ! આભડ ! આજ અત્યારે ક્યાંથી ?" આ. હેમચંદ્રસૂરિએ સસ્મિત પૂછ્યું.

"ભગવાન ! આપના કાલના ઉપદેશથી પરિગ્રહ પરિમાણની ઇચ્છા થઇ છે. સૌ ધની માના બેઠા હતા એટલે ત્યારે હું ચાલ્યો ગયો. આજ અત્યારે કોઇ નહી હોય એમ સમજી આવ્યો છું તો આપ કૃપા કરી મને ૭૦૦નું પરિમાણ કરાવો, જે વધે તે શુભ કાર્યમાં ખરચવું." આભડે મનની વાત જાહેર કરી.

"આભડ ! ૭૦૦ નહીં, ૩ લાખનો અભિગ્રહ લે, વધે તે ધર્મ-પ્રભાવનામાં વાપરજે." આચાર્યશ્રીએ નવો રસ્તો બતાવ્યો.

"**तहत्ति** ગુરુઆજ્ઞા પ્રમાણ છે. અભિગ્રહ આપો." આભડે સહર્ષ હાથ જોડી વિનતિ કરી.

આચાર્યશ્રીએ તેની ભાવના પ્રમાણે પ્રતિજ્ઞા કરાવી. આભડના ભાગ્યનો સીતારો ચમકવા લાગ્યો. તે મોટો વ્યાપારી બન્યો. રાજ્યના ખજાનાનો વડો બન્યો, રાજ્યમાન્ય બન્યો, સંઘપ્રિય બન્યો અને ક્રોડપતિ બની ગયો. તેને ૪ પુત્રો થયા, ૧ પુત્રી થઇ અને તેણે ઘણા દેરાસર, ઉપાશ્રય, જ્ઞાનભંડાર, પરબની સ્થાપના કરી લોકોપયોગી કાર્યો કર્યાં. મહારાજા કુમારપાલે સીદાતા જૈનોને મદદ કરવાનો વહિવટ તેને સોંપ્યો હતો, જેમાં દર સાલ ક્રોડ સોનામહોર વપરાતી હતી.

* * *

"શેઠજી, જેની જે ટેવ પડે તે છૂટે નહીં. આપની ઇચ્છા આવે તેમ કરો. પણ મારે માટે હવે આપે કંઇ બોલવું તે નકામું છે." મહેતાએ શેઠને નાગો જવાબ આપ્યો.

"કુવ્યસનોવાળો મહેતો મારે ન જોઇએ. જા તને આજથી છૂટો કરું છું. તારો આજ સુધીનો પગાર લઇ જજે" શેઠે મહેતાને ટૂંકો ઉત્તર પરખાવ્યો.

"શેઠજી ! મને જવાનું કહો છો, પણ પસ્તાવું પડશે. આ મહેતો માત્ર મહેતો નથી માટે વિચારીને રજા આપજો," મહેતાએ ધમકીનો પ્રયોગ કર્યો.

"સૌના નસીબ સૌની સાથે છે." આભડ શેઠે ઠંડો ઉત્તર વાળી મહેતાને પોતાની પેઢીમાંથી છૂટો કર્યો.

× × ×

"ધિક્ ધિક્ ધિક્ સોઢું !" રાજા ભીમદેવે સોઢુ ગાડરીને ધીતકારી. અને સોઢુ પણ ધીક લેવા ટટ્ટાર બની.

"ધીક્ મોઢુ !" રાજાએ બીજી મોઢુંને ઉકસાવી અને બન્ને ગાડરી વચ્ચે લડાઈ ચાલુ થઈ.

રાજા સોઢુ મોઢુની લડાઇમાં મસ્ત હતો. તેના ઘણા દિવસો આ મસ્તીમાં જ વીતતા હતા.

"હજુર ! એક અરજ છે ! હુકમ આપો તો કહું !" મહેતાએ આવતાં જ રાજાને કહ્યું.

'બોલ, શું વાત છે ?' રાજાએ પૂછ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"હજુર ખજાનામાં ધન નથી. ઉઘરાણું આવતા વાર લાગશે તો કોઇ ઉપાય લેવો જરૂરી છે." મહેતાએ વિનતિ કરી.

"સારી વાત છે. શું ઉપાય લેવો ?" રાજાએ જિજ્ઞાસાભાવે પૂછયું.

"હજુર ! ઉપાય તો અનેક છે. સરળ માર્ગ એ છે કે શેઠ આભડ પાસે ઘણું ધન છે તે શું કામનું છે? હુકમ કરો, આપોઆપ ધન આપશે." મહેતાએ સોગઠી મારી.

"એવા વ્યાપારીને એમ ન દંડવા. કળથી કામ લેવું જોઇએ." રાજાએ રાજનીતિનો પરિચય આપ્યો.

"હજુર ! એ ચુસ્ત જૈન છે. એને એવી રીતે ફસાવો કે શેઠ રાજાના ધર્મનું અપમાન કરે અને રાજા એના બદલામાં પોતાનો ખજાનો ભરે."

મહેતાએ મનની મેલી મુરાદને સફલ બનાવી.

* *

"બહેન ! શેઠ કયાં છે? રાજાએ દેવીનો હોમ કરાવ્યો છે તેનો પ્રસાદ મોકલ્યો છે તે દેવાનો છે." રાજદાસીએ એમ કહી ચાંપલદેની સામે રૂમાલ ઢાંકેલો ચાંદીનો થાળ ધર્યો.

"પિતાજી તો જિનપૂજામાં બેઠા છે! થાળ લાવો, તે ઊઠશે એટલે હું તેમને આપીશ." શેઠ આભડની પુત્રી ચાંપલદેએ વિવેકથી જવાબ આપી થાળ લીધો, રૂમાલ ઉપાડી શું છે તે જોઇ લીધું.

"તો હું જાઉં છુ," દાસીએ કહ્યું.

ચાંપલદેએ દાસીની સામે થાળની આરતી ઉતારી, અંદરની વસ્તુ આદરભાવે બીજા થાળમાં લઈ લીધી. દાસીને ઇનામ આપ્યું અને રાજા માટે લાખનો હાર ભેટ મોકલાવ્યો. દાસી ખુશી થઈ ચાલી ગઈ.

ચાંપલદેએ ભોજનથી પરવારીને પિતાને બનેલી હકીકત કહી સંભળાવી અને કહ્યું કે–આ કામ દુષ્ટ મહેતાનું છે, તેણે થાળમાં માંસ મોકલ્યું છે. જો જરા હું ભૂલ કરત તો આપણા ધનમાલની સલામતી ન હતી. રાજા તમોને દંડવા ચાહે છે, તો પિતાજી એક કામ કરો. આપણા ધનમાલની પૂરી યાદી કરી રાજાની સામે ધરી વિનંતિ કરો કે આપને રાજ્યના કામ માટે જોઇએ તેટલું ધન લ્યો. હું રાજ્યભકિત કરવા ઇચ્છું છું.

શેઠ આભડે એક દિવસમાં જ તે યાદી તૈયાર કરી લીધી.

× × ×

"હજુર ! આ સેવક રાજભકિત કરવા ઇચ્છે છે. હુકમની રાહ જોવે છે!" શેઠે રાજસભામાં જઇ પરિગ્રહની યાદી રાજાના હાથમાં સોંપી વિનતિ કરી.

રાજાને જે ખ્યાલ હતો. તે કરતાં વધુ ધન શેઠે યાદીમાં લખેલ હતું. રાજા શેઠની સચ્ચાઈ અને રાજાનું મન પારખવાની કળાથી છક્ક થઈ ગયો. તે બોલ્યો: શેઠ તમે તો રાજ્યનું રત્ન છો. રાજવંશના વફાદાર છો. હાલ ધનની જરૂર નથી. જરૂર હશે ત્યારે જણાવીશ.

રાજાએ મહેતાને બોલાવી જણાવ્યું: મૂરખ! નસીબની બલિહારી જો? ભગવાન જેને ધન આપે છે તેને તેના રક્ષણની બુદ્ધિ પણ જરૂર આપે છે. તેં શેઠનો દ્રોહ ચિંતવ્યો પણ ભગવાને શેઠને ચેતાવી દીધો. સમજ્યો ને?

ઠીક ! જે થયું તે થયું ! હવે તું શેઠની માફી માંગ. મહેતાએ શેઠના પગમાં પડી પોતાની ભૂલ માટે માફી માગી અને શેઠે તેને માફી આપી. સાથોસાથ જણાવ્યું કે ભાઇ ! સૌનો ધર્મ સૌની સાથે છે!

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ભગવંત મુખે ચઢેલ સ્ત્રીરત્ન

લેખાંક : : ૪

શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી

બા, મંત્રીશ્વર અભયકુમાર પધાર્યા છે, અને બેઠકના ખંડમાં તમારી રાહ જોઈ રહ્યા છે.

માલતી ! તારા શેઠ બહાર ગયા છે કે શું ? સવારમાં આટલા જલ્દી તેઓ ખાસ ઘર બહાર જતાં નથી.

બા, તેઓ મંત્રીશ્વર સાથે વાત કરતાં બેઠા છે, પણ કોઇ અગત્યના કારણે તમારી હાજરીની જરૂર છે.

મારું પૂજનકાર્ય સમાપ્ત થયું છે. જા, કહે કે વસ્ત્રો બદલી સત્વર આવી પહોંચું છું.

વાર્તાના વહેણ એવી રીતે વહી રહેલ કે એ સંબંધમાં ખાસ સ્પષ્ટીકરણની અગત્ય નથી રહેતી. પૂર્વે જોઈ ગયા તેમ મગધેશ્વર સુજ્યેષ્ટાને બદલે ચેલણાને લઈ સહીસલામત રાજગૃહમાં આવી ગયા, પણ એ સાહસમાં બત્રીસ નવલોહીઆ સંરક્ષકોનો જે ભોગ આપવો પડ્યો તેના સમાચાર તેમના માતપિતાને કેવી રીતે પહોંચાડવા એ એક કોયડો થઇ પડયો ! આખરે ભાંગ્યાના ભેરુ તરિકે બુધ્ધિધન અભયકુમારને એ સંદેશ પહોંચાડવા માટે પસંદ કરી સૂચના કરી કે તારી પ્રજ્ઞાનો ચમકારો એવી રીતે દાખવ કે જેથી 'સાપ મરે નહીં અને લાકડી ભાંગે નહીં'–એક સાથે બત્રીશ સંતાનોના મરણ સમાચાર સાંભળી કયા માતપિતાનો જીવ કલ્પાંત કર્યા વગર રહે, એ આઘાત જીવલેણ ન નીવડે એ જોવાની જરૂર છે. આમ બનશે એવું મારી કલ્પનામાં પણ નહોતું. નાગસારથિ તો મારા જમણા હાથ જેવા છે. એના શિરે તૂટી પડેલ આ સંકટ મારાથી જોયું જતું નથી. યુધ્ધભૂમિ ઉપર સંખ્યાબંધ સૈનિકોના મરણ જોયા છે પણ આ બનાવ જેવી અરેરાટી થઇ નથી ! આ ખતરનાક પરિણામે તો મારી છાતી બેસાડી દીધી છે !

પિતાજી ! **गतं न शोचामि** ! એ નીતિકારનું સૂત્ર યાદ કરી જે સુધારવાનો કોઈ ઉપાય નથી, એ અંગે વૃથા શોક ન કરો. જ્ઞાનદ્વારા સંસારની આ સ્થિતિ જોઇને તો ભગવંત **શ્રી વર્ધમાનસ્વામી** આત્માઓને જાગૃત બનવાનો ઉપદેશ ઠેરઠેર વિચરી આપી રહ્યા છે. 'ભવિતવ્યતા બળવાન છે અને હોણહાર મિથ્યા થતું નથી,' એ વચનો સાંભળ્યા છતાં આપણામાં વસેલા રાગ-દ્વેષ કયાં ઓછા થાય છે ? પરભવના પાથેય માટે આપણે કયાં તૈયારી કરીએ છીએ ? મને તૈયારી કરવા કયાં જવા દો છો ?

વત્સ ! તારી સમજ સાચી છે. હાલ જવાની વાત મૂકી દે. તું તો આંધાની લાકડી જેવો મારે માટે છો. 'જા, તારું મ્હોં ન દેખાડ' એવાં મારા બોલ નીકળ્યા વિના તારે મારી નજર આગળથી ખસવાનું નથી. કોઇ પણ ઉપાયે નાગદંપતીને એવી રીતે ખબર આપ કે જેથી તેઓ ઝાઝું કલ્પાંત ન કરે અને શાન્તિપૂર્વક જીવન જીવે.

મહારાજ ! કાલે સવારે જ હું એ કાર્ય પાર ઉતારીશ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપર જોયું તેમ પ્રાતઃવિધિથી પરવારી મંત્રીશ્વર અભયે અહીં પગલાં પાડ્યાં હતાં. સુલસાને ખંડમાં પ્રવેશતી જોઇ એ બોલી ઊઠયા–

પૂજ્ય માસી, ગૃહમંદિરમાં પ્રભુપૂજન કરતાં રોજ આટલો સમય લ્યો છો ? ખાસ ધ્યાન ધરતા લાગો છો !

મગધના મહામંત્રીને કોઈ પણ વિશેષણ લગાડ્યા વિના હું તો 'કુમાર'નું સંબોધન કરું છું, તેથી તો અપમાન નથી લાગતુંને !

ના રે, ના, આ તો મારા ઘર જેવું સ્થાન. તત્ત્વ વિષયમાં કંઇ જાણવાની વૃત્તિ ઉદ્‌ભવે ત્યારે ચરમ તીર્થપતિના મુખે પ્રશંસા પામેલ આપ સરખી માતાના આંગણે આવવું જ રહ્યું.

અહીં વળી મંત્રી અને મહામંત્રી કેવા ? એને (પદને) દરબારગઢમાં મૂકીને જ આવ્યો છું અને તે પણ એક મહત્ત્વના કામે.

મને સહજ પ્રશ્ન ઊઠયો છે કે કોઇ નર કે નારી એવા ભાગ્યવાન્ હશે કે જેની સારી ઉંમરમાં પોતાનાં ઘરમાં કે અંગત સ્નેહીજનોમાં કોઈનું પણ મરણ જોવાનો પ્રસંગ ન આવ્યો હોય.

કુમાર ! એંશીથી સો વર્ષ સુધીનો જીવનગાળો એટલે કોઇને કોઈ સ્વજનનું પંચત્વ જોવાનો પ્રસંગ આવે જ. નીતિકારોએ તે માટે તો **'मरणं प्रकृतिः विकृतिर्जीवनमुच्यते'** જેવું સૂત્ર બાંધ્યું છે. મરણનો ભય સમજુ આત્માને ન જ સંભવે. જ્યાં આત્મા અને દેહ ભિન્ન છે, એના સ્વભાવ પણ જુદા છે, ત્યાં મરણનો પ્રસંગ તો જૂનું વસ્ત્ર બદલી નવું વસ્ત્ર ધારણ કરવા તુલ્ય લેખાય. એ વેળા પેલું કવિવચન યાદ કરવું કે–

થતાં દરબાર (કર્મરાજનો) ડંકો,
રહે નવ ગર્વ બંકાનો;
શૂરાનો પણ સમય આવે,
સમાધિમાં સમાવાનો.

ભાઈ, એ પ્રશ્નમાં મને તો કંઇ મહત્ત્વ જણાતું નથી, બાકી એક સુંદર વાત તને સંભળાવું કે-શ્રીપાળચરિત્રમાં, સતી મયણાને પ્રભુ-પૂજન વેળા અમૃત અનુષ્ઠાનનો જે યોગ સાંપડ્યો હતો અને અનુભવ જ્ઞાન થયું હતું તેના બળે જેમ કહ્યું હતું કે માતુશ્રી, પુત્રચિંતા કરવાની કંઇ જ જરૂર નથી. તમારા પુત્રનો આજે મેળાપ થવો જ જોઇએ. મને પણ પૂજનમાં આજે એવી જ કંઇ પ્રતીતિ થઇ છે. રાજવી સાથે ગયેલા મારા બત્રીશ લાડકવાયા જાણે કહી રહ્યા છે કે માતુશ્રી ! અમે જ્યાંથી આવ્યા હતા ત્યાં પાછા ફરીએ છીએ. ઘટિકા બજી રહી છે. દિલગીર છીએ કે આપની અનુજ્ઞા લેવા આવી શકતા નથી, અમારા વિરહનો શોક તમે મુદ્દલ કરશો નહીં.

કુમાર ! આનો આશય તું મને સમજાવ. તું બુદ્ધિમાન છે.

માસી, ખરું કહું તો દુઃખ નહીં લગાડોને ? તમારી સરખી માસી ખરી વાત સાંભળી પ્રાકૃત માનવ જેવું આચરણ કરવા લાગે તો જરૂર આ પૃથ્વી રંડાઇ જાય. એ આગાહીનો ચોખ્ખો અર્થ એ જ છે કે તેઓ માનવ ખોળિયું છોડી ગયા ! ફરજ અદા કરી ગયા.

આ શબ્દો કાને પડતાં જ નાગ સારથિ તો કિંકર્તવ્યમૂઢ બની ગયા ! જાણે વિદ્યુત્‌નો આંચકો લાગે અને માનવ ચોંકીને બોલી ઊઠે તેમ સુલસા પોકારી ઊઠી કે–અભયકુમાર ! તું શું કયે છે ? મારા બત્રીશે લાડકવાયા શું પંચત્વ પામ્યા ?

માસી ! ભવિતવ્યતા બળવાન છે. કાળ આગળ રાય ને રંકનો ભેદ નથી. એ એકના એકને ઊપાડે છે અને હજારને પણ ઉઠાવે છે. ચક્રવર્તી સગરના સાઠ હજાર શું એકી સાથે નહોતા એની દ્વારા સ્વાહા થયા ? તમારા બત્રીશનો એણે એક સમયે જ કોળિયો કરી વાળ્યો છે અને તે પણ વૈશાલીના પ્રાંગણમાં !!

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હાય, હાય, આ હુ શું સાંભળું છું ? એ ગયા ને હું હજુ જીવું છું ?

માસી ! દુઃખ તો લાગે જ, પણ આ સમયે જ ધૈર્ય રાખી આત્માની અમરતા ને કાયાની નશ્વરતા વિચારવી જરૂરી છે.

કુમાર ! એ કેવી રીતે બન્યું તે તો કહી સંભળાવ. એમજ કહેને કે શંકાના સમાધાન માટે નહીં પણ આ માઠા ખબર આપવા જ તું આવ્યો છું દુઃખ તો થાય છે પણ એ વેળા તારી હાજરી જરૂર સાંત્વન કરનારી છે. આ વિષમ વેળાયે તું દિલાસારૂપ છે.

અભયકુમારે સઘળો વૃત્તાન્ત કહી સંભળાવ્યો. એ શ્રવણ કર્યા બાદ નાગસારથિથી બોલી જવાયું–

દીકરાઓ સિધાવ્યા, પણ મારા નામને દીપાવી. ને ગયા. જીવનભર મેં જેમની સેવા કરી છે એવા માલિકને જરા પણ આંચ આવવા દીધી નથી. સંરક્ષકપદની જવાબદારી પૂરેપરી બજાવી છે.

સુલસાની છાતી ભરાઇ આવી હતી. ગમે તેમ તો પણ માતાનું હૃદય હતું. તે એટલું જ બોલી કેઃ–

કુમાર ! મારા કષ્ટ નિવારણ અર્થે આવેલ દેવે વિદાય લેતાં જે શબ્દો ઉચ્ચાર્યા હતા તેના પ્રાંતભાગે આવો કાંઈ ધ્વનિ હતો; પણ ઉમંગના ઉભરામાં એ વેળા મને એ સમજાયો નહોતો. હવે સમજાય છે કે જેમ જન્મ એક સાથે તેમ મરણ પણ સાથે જ.

માસી ! તો, હવે હું રજા લઉંને ? પિતાશ્રીને ખબર આપું કે વૃત્તાન્ત સાંભળી મા બાપને 'ઘા' તો લાગ્યો, પણ જ્ઞાનઅભ્યાસે અને સ્વામીભક્તિએ, એની રુઝમાં સાથ પૂર્યો છે.

જેનું ચક્ર અસ્ખલિત ગતિએ ચાલ્યા કરે છે એવા કાળદેવે વૈશાલીના બનાવ ઉપર પરદો પાડી દીધો અને ઘવાએલા અંતરોમાં એ વાત ભુલાવા પણ માંડી. 'દુઃખનું ઓસડ દહાડા' એ જનવાયકા ખોટી નથી જ.

એકાએક આજે રાજગૃહના ચૌરે ચૌટે નાલંદા વિદ્યાપીઠ તરફના દરવાજા બહાર સાક્ષાત્ બ્રહ્મા પધાર્યા છે એવી હવા ફેલાઇ. 'તમાશાને તેડું' ન જ હોય તેમ લોકોના ટોળે ટોળા દર્શનાર્થે નીકળી પડ્યા. બાળક સહિતનો નારીસમુદાય દર્શન કરી પાછો ફરતો અને એ દેવના ચમત્કાર અંગે મનમાન્યો પ્રચાર કરતો. પડોશમાં રહેતી એક બાઈએ આવી એ સમાચાર સુલસાને કહ્યા અને ઉમેર્યું કે ચાલો, મારી સાથે. કેટલાક સમયથી તમે ઘરબહાર નીકળ્યા નથી તો આ નિમિત્તે પગ છૂટા થશે અને સાથોસાથ દેવદર્શનનો લાભ પ્રાપ્ત થશે. સુલસાએ જણાવ્યું કે–

બહેન ! ભ. મહાવીર સિવાય હું અન્ય કોઇ દેવને દેવબુદ્ધિથી નમતી નથી. તેમ મને આમાં ચમત્કાર જેવું કંઇ જણાતું નથી. પગ છૂટા કરવા કે બહાર ફરવા જવું હોય તો મને કોઇ રોકતું નથી જ, છતાં આજે તો હું ઉપરના સ્થાને ન જ જાઉં.

બીજે દિન ઊગ્યો ત્યાં બીજે દરવાજે સાક્ષાત્ મહેશ્વર પધાર્યાના સમાચાર આવ્યા. ગતાનુગતિક લોક કહેવાય છે એટલે ત્યાં પણ જનતા ઉલટાઇ અને...

ત્રીજે દિવસે ખુદ વિષ્ણુભગવાન ગરુડ ઉપર આવ્યાનું સાંભળ્યું ત્યારે તો ભાગ્યે જ કોઇ નગરવાસી એના લાભથી વંચિત રહ્યો હશે, પણ સુલસાને મન એની કંઈ જ અસર ન પહોંચી. સખીવર્ગનો આગ્રહ છતાં એ તો અડગ જ રહી.

ચોથે દિવસે સમાચાર આવ્યા ત્યારે તો ઘરના સૌ જન પણ રાજી થયા, કેમ કે આજે તો વૈભારગિરિવાળા દરવાજે ખુદ અષ્ટ પ્રાતિહાર્યની ઋદ્ધિથી અલંકૃત તીર્થંકર દેવ પધાર્યા હતા. તેમના દર્શન કરી પાવન થવામાં સુલસા મૈયા મણા ન કરે અને જરૂર સાથ પૂરે એમ સૌનું માનવું હતું.

ત્યાં તો તેમણે ધડાકો કર્યો કે એ દ્રશ્ય નીરખવું છે ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તમારી ઇચ્છા હોય તો મારી 'ના' નથી, બાકી એ તીર્થંકર સાચા નથી. કોઇ ઇંદ્રજાલિક એ જાતનો સ્વાંગ સજ્યો છે. ભારતવર્ષમાં આજે એકમાત્ર તીર્થંકર **શ્રી મહાવીર દેવ** છે, જેઓ ચંપાનગરીના કુસુમાકર ઉદ્યાનમાં વિરાજમાન છે. તેઓ અહીં ક્યાંથી હોય ? તેઓના આગમનની મને ખબર પડયા વિના રહે ખરી ? મારા તો એ આરાધ્ય દેવ છે. શુદ્ધ દેવ, શુદ્ધ ગુરુ અને શુદ્ધ ધર્મની ઉપાસના આત્મશ્રેય માટે કરનારે આત્મા આવા ચમત્કાર જોઈ ગમે ત્યાં નમી ન પડે. એની શ્રદ્ધા મેરુપર્વત જેવી અચળ હોય તો જ એ સમકિતી ગણાય. અન્ય દેવો પ્રત્યે તિરસ્કાર કે અવર્ણવાદ ન શોભે પણ એ સાથે કંચન અને કથીર કિંવા ગોળ ને ખોળ એક કક્ષામાં ન મૂકી શકાય. યાદ રાખો કે-'**એક ચિત્ત નહિં એકની આશ, પગ પગ તે દુનિયાના દાસ**' પાંચમે દિવસે પેલા ચમત્કારોનો પડદો સ્વતઃ ઉચકાયો.

સવારે એક સ્વધર્મી બાંધવના પગલા ઘરઆંગણે થયા. તરત જ 'અતિથિનો આદર કરવો' એ ગૃહસ્થનો ધર્મ છે એમ કહી સુલસા તેની સામે ગઇ. માનપૂર્વક તેડી લાવી આસન ઉપર બેસાડી જ્યાં સુખસાતા પૂછે છે ત્યાં તો તે વ્યકિત સુલસાને નમસ્કાર કરતી, ને પોતાની કાર્યવાહી માટે ક્ષમા યાચતી બોલી ઊઠી–

આકાશગામિની અને રૂપપરિવર્તિની વિદ્યા ધરાવતો હું **ભગવંત શ્રી મહાવીરદેવનો** ચરણોપાસક **અંબડ પરિવ્રાજક** છું. ચંપાનગરીથી પ્રભુના દર્શન કરી અહીં આવવા નીકળ્યો ત્યારે ભગવંતે કહ્યું કે–હે અંબડ ! રાજગૃહીમાં નાગસારથિની ભાર્યા સુલસાને મારા ધર્મલાભ પહોંચાડજે. 'તહત્તિ' કહી હું માર્ગે પડ્યો. મનમાં વિચાર ઉદ્‌ભવ્યો કે અન્ય કોઇને નહીં અને એક નારીને ભગવાન શામાટે સદેશો પાઠવે ! સુલસામાં એવું તે શું હશે ? માતા, અહીં આવી તારી પરીક્ષા અર્થે મેં જ જુદા જુદા રૂપો વિકુર્વેલા એથી જનતા ભોળવાણી પણ તારી **અડગતા** તો કાયમ જ રહી. હે સુલસે ! હે વિવેકિનિ ! તને ધન્ય છે ! તારો જ ભવ સફળ છે ! તું સતીઓમાં શિરોમણિ છે ! તારા જીવનને ધન્ય છે ! રાગદ્વેષથી રહિત એવા વીતરાગ શ્રી મહાવીર દેવે મારી દ્વારા તારા ધર્મકાર્યની કુશળતા પૂછી છે. તારું એ સૌભાગ્ય છે

આ સાંભળતાં સુલસા રોમરોમ હર્ષિત થઇ ગઈ. આવા અહોભાગ્યની કોણ પ્રશંસા ન કરે ?

**व्रजन्ति ते मूढधियः पराभवं, भवन्ति मायाविषु ये न मायिनः ।**
**प्रविश्य निघ्नन्ति शठास्तथाविधा, असंवृतांगं निशिता इवेषवः ॥**

( લલિત છંદ )

**કપટી સાથ જે કપટી ના થતાં, મૂરખ તે નરો નાશ પામતા;**
**બખતરો વિના વીરને હણે, નિશિત બાણની જેમ એ હણે.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વાશ્રયી બનો

લેખાંક : : ૪

અનુ૦ શ્રી વિઠ્ઠલદાસ મૂ. શાહ (ગતાંક પૃષ્ઠ ૧૫૯ થી શરૂ)

સ્વશક્તિમાં અતુલ શ્રદ્ધા રાખનાર માણસો મહાન્ પરિવર્તનો કરી શકે છે. મીરાબોએ એક વખત પ્રશ્ન કર્યો હતો કે "પ્રત્યેક સ્થળે અને પ્રત્યેક વિષયમાં આપણું મનુષ્યત્વ વિજય પ્રાપ્ત કરવામાં સહાયભૂત ન બને તો શું આપણે મનુષ્ય નામ ધારણ કરવાને લાયક છીએ ?" તમારા પોતાના અદ્ભુત આંતરિક બળમાં શ્રદ્ધા રાખવાથી મહાન્ કાર્યો સાધવાનું જે સમર્થન તમને મળે છે તે બીજી કોઇ પણ વસ્તુથી મળવું અશક્ય છે. જે કાર્ય કરવાને તમે નિશ્ચયાત્મક સંકલ્પ કર્યો હોય છે તે કાર્ય કરવામાં તમારી શક્તિમાં રહેલી તમારી શ્રદ્ધા ન્યૂન કરવા અને તેનો હ્રાસ કરવા જે માણસ ઇચ્છે છે તેને શત્રુતુલ્ય લેખવામાં લેશ માત્ર અયોગ્યતા નથી; કારણ કે શ્રદ્ધાના હ્રાસની સાથે જ શક્તિનો પણ ધ્વંસ થાય છે. તમારી આત્મશ્રદ્ધાના પ્રમાણમાં તમારા દરેક કાર્યનું પરિણામ આવે છે. કાર્ય અત્યંત મુશ્કેલ છે એમ જાહેર કરી માત્ર બેસી રહેવાથી પોતાનું લશ્કર આલ્પ્સ પર્વત પર પહોંચશે એ નેપોલીયનની આશાને ઉચિત અને સ્થાને ગણી શકાય તો જ તમારી શકિત સંબંધી ભય તથા શંકા યુકત વિચારોનું સેવન કરવાથી તમે જીવનમાં કોઇ ઉપયોગી કાર્ય કરવા સમર્થ બનશો એ તમારી આશા ઉચિત ગણી શકાય.

જે કાર્યો કરવાનું પોતે માથે લીધું હોય છે તે સાધવાની પોતાની શકિતમાં મહાન્ અવિચળ શ્રદ્ધાવાળા સ્ત્રીપુરુષો આ પ્રગતિમાન સુધારાના યુગમાં ચમત્કારભર્યાં કાર્યો બજાવી શકયા છે. જે વસ્તુઓને જગતના અન્ય લોકો અશકય અને કાલ્પનિક માનતા હતા તે વસ્તુઓને શકય અને સત્ય કરી બતાવવાનો જો આવા સ્ત્રી-પુરુષો રાતદિવસ અવિચ્છિન્ન નિશ્ચયપૂર્વક પ્રયત્નો કરવામાં મંડી રહ્યા ન હોત તો મનુષ્યજાતિ વિકાસક્રમમાં ઘણા સૈકાઓ પાછળ પડી જાત એ નિઃસંશય વાત છે.

જગતમાં એવો કોઇ વિશિષ્ટ કાયદો અથવા નિયમ નથી કે તેને લઇને તમે અમુક વસ્તુ મેળવવાની ઇચ્છા કર્યા વગર અને તેને માટે માગણી કર્યા વગર તે પ્રાપ્ત કરવામાં સફળતા મેળવી શકો. પ્રત્યેક કાર્યમાં પ્રથમ મજબૂત અને અડગ આત્મશ્રદ્ધાની વિશેષ અગત્ય છે; તે વગર કોઈ પણ કાર્ય તમારાથી સાધી શકાશે નહિ એ ચોક્કસ સમજજો. દરેક કાર્યમાં પરિણામના પ્રમાણમાં જ પ્રયત્નની અપેક્ષા રહેલી છે. જળનો પ્રવાહ તેના મૂળ કરતાં વધારે ઊંચાઇએ ચડી શકતો નથી. મહાન્ વિજય પ્રાપ્ત કરવામાં મહાન્ આત્મશ્રદ્ધા અને મહાન્ પ્રયત્નોરૂપી મૂલની જરૂર છે. શકિત ગમે તેટલી મહાન્ હોય, બુદ્ધિ ગમે તેટલી વિશાળ હોય તો પણ શ્રદ્ધા કરતાં કાર્યનું પરિણામ ઉચ્ચ નહિ જ આવે. 'જો મનુષ્ય ધારે છે કે હું અમુક કાર્ય કરી શકીશ તો તે કાર્ય કરી શકે છે, અને જે એમ ધારે છે કે મારાથી અમુક કાર્ય થઈ શકશે નહિ તો તે કાર્ય કરવા તે સમર્થ થતો પણ નથી." આ નિયમ સર્વમાન્ય નિર્વિવાદ છે.

તમારા વ્યક્તિત્વ વિષે, તમારી યોજનાઓ વિષે અથવા તમારા હેતુઓ વિષે અન્ય લોકો શું ધારે છે ? તેનો જરા પણ વિચાર કર્યા વગર અને તેઓ તમને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વમદષ્ટા અથવા ઉન્મત્ત કહે તો પણ તેની દરકાર કર્યા વગર તમારે તમારી પોતાની શક્તિમાં જ અડગ શ્રદ્ધા રાખવાની મહાન્ અનિવાર્ય અગત્ય છે, કારણ કે તમને તમારી શક્તિ પરથી શ્રદ્ધા ઊઠી જાય છે; તે જ ક્ષણે તમે તે શક્તિને ગુમાવો છો. ગમે તેવા આપત્તિના પ્રસંગે પણ તમારી શક્તિના સંબંધમાં શંકાશીલ ન બનો. કદાચ સંપત્તિનો નાશ થાય, શરીર નીરોગી ન રહેતું હોય, કીર્તિને હાનિ પહોંચે એમ હોય, તમે અન્ય લોકોના વિશ્વાસપાત્ર ન હો, ગમે તેવી પરિસ્થિતિ હોય તો પણ હમેશાં સ્મરણમાં રાખો કે જ્યાં સુધી તમે સ્વશક્તિમાં શ્રદ્ધાવંત છો ત્યાં સુધી તમારા માટે હમેશાં ઊંચી આશા છે. આ આત્મશ્રદ્ધાના બળથી પ્રવાસ કરવાનું સતત ચાલુ રાખશો તો અવશ્ય જગતમાં વહેલોમોડો તમારા માટે માર્ગ ખુલ્લો થશે જ.

એક વખત નેપોલીયનને સંદેશો પહોંચાડવા માટે એક સૈનિકને એટલી બધી ત્વરાથી જવું પડ્યું હતું કે તે સંદેશો પહોંચાડ્યા પહેલાં તેનો ઘોડો માર્ગમાં પડી જવાથી મરણ પામ્યો. પછી તે સૈનિકે જેમ તેમ કરી નેપોલીયનને સંદેશો પહોંચાડ્યો, તેનો જવાબ નેપોલીયને સત્વર લખી આપ્યો, અને તેના પોતાના કિંમતી અશ્વ પર બેસી ત્વરાથી તે પહોંચાડવાની આજ્ઞા કરી. તે સંદેશવાહકે અત્યંત મનોહર અશ્વને જોઇને કહ્યું કે–આ અશ્વ એટલો સુંદર છે કે તેના પર સવાર થવાને મારા જેવો સામાન્ય દરજ્જાનો સૈનિક લાયક નથી. નેપોલીયને જવાબમાં જણાવ્યું કે " એક ફ્રેન્ચ સૈનિક માટે કોઈ પણ વસ્તુ અત્યંત સુંદર કે મનોહર નથી."

આ ફ્રેન્ચ સૈનિક સરખા લોકોથી આ જગત ભરપૂર છે. આવા લોકો એમ ધારે છે કે જે વસ્તુઓ અન્ય લોકોએ મેળવી છે તે મેળવવાનું અમારા માટે અશક્ય છે અને તે મેળવવાની અમે આશા રાખીએ તો તે ફોકટ છે. આ પ્રકારની આત્માની અવગણના ભરેલી માનસિક વૃત્તિથી પોતાને કેટલું નુકશાન થાય છે તે તેઓના સમજવામાં ભાગ્યે જ આવે છે. તેઓની આશાઓ, માગણીઓ અને ઇચ્છાઓ અતિશય સંકુચિત અને મર્યાદિત હોય છે. વામનસ્વરૂપી મનુષ્ય રાક્ષસી બળ બતાવી શકતો નથી. એવો કોઈ નિયમ નથી કે જેને લઇને લોકો હલકા વિચારોમાંથી ઉત્કૃષ્ટ પરિણામ લાવી શકે. આદર્શને અનુસરી મૂર્તિ ઘડવામાં આવે છે, અને એ આદર્શ એ કંઇ નહિ પરંતુ માત્ર અંતરંગ વિચાર જ છે.

જગતમાં જે કંઇ શ્રેષ્ઠ અને ઉત્તમ છે તે પોતાની પ્રાપ્તિ માટે નિર્માયું નથી, પરંતુ ભાગ્યદેવીના કૃપાપાત્ર મનુષ્યોને માટે જ જગતની ઉત્તમ વસ્તુઓ છે એવા વિચારો સેવવાનું ઘણાખરા લોકોને બાળપણથી જ શીખવવામાં આવ્યું હોય છે. પોતે નિકૃષ્ટ કોટિના મનુષ્યો છે એવા ખ્યાલમાં જ તેઓને ઉછેરવામાં આવ્યા હોય છે. જેઓ વાસ્તવિક રીતે મહાન્ કાર્યો કરવાને સમર્થ હોય છે એવા ઘણા સ્ત્રીપુરુષો નાના કાર્યો કરતાં અને મધ્યમ કોટિનું જીવન વહન કરતાં દૃષ્ટિએ પડે છે; આનું કારણ એ જ કે પોતાના આંતરિક ઉત્કૃષ્ટત્વને પ્રકાશમાં કેવી રીતે લાવવું તેનું તેઓને યથાર્થ જ્ઞાન હોતું નથી.

જે હદ સુધી માનવ જાતિએ પહોંચવું જોઇએ તે હદે હજુ મનુષ્યો પહોંચ્યા નથી અને સર્વત્ર સર્વોત્તમ પ્રતિભા ધરાવનારા મનુષ્યો મધ્યમ કોટિના મનુષ્યોને છાજે એવા કાર્યો કરતાં દૃષ્ટિગોચર થાય છે, તેનું મુખ્ય કારણ એ છે કે હજુસુધી લોકોએ આત્મશક્તિનું અડધું પણ માપ કે નિરૂપણ કર્યું નથી. વળી આપણી અંદર દિવ્ય શક્તિઓ ગૂઢ રહેલી છે અને આપણે ભવ્ય વિશ્વના અંશભૂત છીએ એવું આપણને સાચેસાચું ભાન થયું નથી. આપણા મહાન જન્માધિકારનો આપણે પૂરતો વિચાર કર્યો નથી, ઉન્નતિના શિખર પર કેટલે ઊંચે આપણે જવાનું છે અને આપણી જાત ઉપર આપણે કેટલી હદ સુધી આધિપત્ય મેળવવાનું છે તે આપણને બુદ્ધિગત થયું નથી. આપણે આપણા ભાગ્યને અંકુશમાં રાખી શકીએ છીએ અને આપણે જેવા થવા ઇચ્છીએ છીએ તેવી આપણી જાતને બનાવી શકીએ છીએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આત્મારામજી (શ્રી વિજયાનંદસૂરીશ્વરજી) મહારાજકૃત

# સત્તરભેદી પૂજા

વિવેચક : પંન્યાસશ્રી રામવિજયજી ગણિવર્ય

## ઢાળ દસમી આભરણપૂજા

દુહા

શોભિત જિનવર મસ્તકે રયણ મુકુટ ઝલકંત;
ભાલ તિલક અંગદ ભૂજા કુંડલ અતિ ચમકંત. ૧
સુરપતિ જિન અંગ રચે રત્નાભરણ વિશાલ;
તિમ શ્રાવક પૂજા કરે કટે કરમ જંજાલ. ૨

આ પૂજા દશમી આભરણ( અલંકાર-ઘરેણાં )ની છે. સુંદર જિનેશ્વર પ્રભુના મસ્તક ઉપર ઝળકતો રત્નનો મુગટ પૂજક એટલે પૂજા કરનાર ધારણ કરે અર્થાત્ મુગટ પહેરાવે. ત્યારબાદ કપાલમાં શોભતું તિલક(અલંકાર) રૂપ હોય તે સ્થાપન કરે. હાથમાં બાજુબંધ પહેરાવે. કાનમાં ચમકતાં કુંડલો પહેરાવે. એવી રીતે "ઇન્દ્ર મહારાજ" પ્રભુના અંગે વિશાલ રત્નના અલંકારોથી આંગી રચે, એવી રીતે યથાશકિત શ્રાવક પણ નિજ સ્થાનના જૈન મંદિરોમાં પ્રભુની અલંકારોથી પૂજા કરે. આવી પૂજા કરવાથી કર્મરૂપી જંજાળ કટાઇ જાય અર્થાત્ નાશ પામે.

---

એ વાતનું આપણને વિસ્મરણ થયું છે. સુવિખ્યાત સ્ત્રી નવલકથાકાર **મેરી કોરેલી** એક સ્થળે કહે છે કે,

"If we choose to be no more than clods of clay, then we shall be used as clods of clay for braver feet to tread on"

"જો આપણે માટીના ઢેફાં કરતાં વિશેષ સારા થવાનું પસંદ કરતા નથી તો આપણા કરતાં ઉચ્ચતર કોટિના માણસો માટીના ઢેફાં તરીકે આપણો ઉપયોગ કરશે."

"હું બીજા લોકો જેવો ભલો નથી, હું કંઇ પણ ઉજ્જવળ કાર્ય કરવાને અશક્ત છું, હું તુચ્છ મગતરાં જેવો છું." આવા પ્રકારના વિચારો હમેશાં આગ્રહ-પૂર્વક કર્યા કરવાથી જીવનનું ધોરણ દિનપ્રતિદિન ઊતરતું બનતું જાય છે અને શકિતઓ જડ અને નકામી બની જાય છે. એથી ઊલટું જે માણસ સ્વાશ્રયી છે, જેનામાં આત્મશ્રદ્ધા છે, જે આશાવાદી છે, અને પોતે આરંભેલા કાર્યમાં વિજય મળશે જ એવા નિશ્ચયપૂર્વક જે દરેક કાર્ય કરવા તત્પર બને છે તે મનુષ્યની આકર્ષણશકિતમાં વૃદ્ધિ થાય છે અને લઇને સુખ, સંપત્તિ, ઐશ્વર્ય તેના તરફ ખેંચાઇને આવે છે. જે ભૂમિકા ભજવવાની આપણને ઇચ્છા છે તે ધારણ કરવામાં અને સર્વોત્તમ રીતે ભજવવામાં જ બધું સમાયેલું છે. મહાન્ કાર્ય કરવાને તમને ઉચ્ચાભિલાષા હોય તો તમારે તમારા માટે મહાન્ કાર્યક્રમ રચવો જોઇએ અને તમારી અભિલાષાના પ્રમાણમાં તમારે વેશ ધારણ કરવો જોઇએ.

જે માણસે સ્વશકિતનું સાચું નિરૂપણ કર્યું હોય છે, પોતાના કાર્યમાં વિજયી નીવડવાનો જેને દૃઢ વિશ્વાસ છે, તેના વાતાવરણમાં અને બાહ્ય દેખાવમાં એવું કંઈક રહેલું છે કે જેને લઇને કાર્યારંભ થયા પૂર્વે જ તેને અર્ધો વિજય મળી જાય છે. જે મુશ્કેલીઓ પોતાની જાતને તુચ્છ ગણનાર માણસોને તેઓનાં કાર્યમાં પીડા ઉપજાવતી હોય છે તે મુશ્કેલીઓ આવા પ્રકારના ઉચ્ચ મનોબળ ધરાવનાર મનુષ્યના માર્ગમાંથી પલાયન કરી જાય છે. (ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઢાળ–રાગ જંગલો, તાલ દાદરો, અંગ્રેજી બાજેકી ચાલ—એ દેશી

આનંદકંદ પૂજતા જિનંદ ચંદ હું;
મોતી જ્યોતિ લાલ હીર હંસ અંક જ્યું;
કુંડલ સુધાર કરણુ મુકુટ ધાર તું.—આનંદ (૧)

સુર ચંદ કુંડલે શોભિત કાન હૂ;
અંગદ કંઠ કંઠલો મુણિંદ તાર તું.—આનંદ (૨)

ભાલ તિલક થંગ રંગ ખંગ ચંગ જ્યું;
ચમક દમક નંદની કંદર્પ જીત તું.—આનંદ (૩)

વ્યવહાર ભાષ્ય ભાળીયો જિનંદ બિંબ યું;
કરે શૃંગાર ફાર કર્મ જાર જાર તું.—આનંદ (૪)

વૃદ્ધિ ભાવ આતમા ઉમંગ કાર તું;
નિમિત્ત શુદ્ધ ભાવકા પિયાર કાર તું.—આનંદ (૫)

ભવિક પૂજાનો રસિક આત્મા કહે છે કે–હું આનંદના મૂળ સમાન અને સામાન્ય કેવળીમાં ચંદ્ર સમાન એવા તીર્થંકર દેવની અલંકાર પૂજા કરું છું. કેવા પ્રકારના અલંકારો પૂજામાં તૈયાર કરે છે, તેના નામો આ પ્રમાણે–પ્રકાશમાન સાચા મોતી, લાલ રંગના હીરા, હંસ અને એક જાતિના રત્નો કુંડલોને તથા મુકુટને જડાવી સુશોભિત બનાવી પ્રભુની અલંકાર પૂજા કરું છું. ઉપમાદર્શક ભાવ બતાવે છે કે જાણે પ્રભુના બે કાનો સૂર્ય અને ચંદ્રરૂપ કુંડલોથી શોભતા હોય એવો ભાસ ઉત્પન્ન કરે છે. હાથમાં બાજુબંધ અને કંઠમાં સારા કંઠાલંકાર પૂજા કરનારાઓ પ્રભુના અંગમાં ધારણ કરે છે. અને પ્રભુ પ્રત્યે કહે છે કે–હે મુનિમાં ઇન્દ્રરૂપ જિનેશ્વર પ્રભુ, આપ અમને તારો એવી માંગણી કરે છે. વળી કપાળમાં તિલકો જેમ આકાશમાં પક્ષી શોભે તેવી રીતે શોભે છે. ચમકદમક નંદની આભરણ વિશેષ વસ્તુઓ પૂજામાં ધારણ કરે છે. હે પ્રભુ, આપે તો કામદેવને જીતી લીધો છે. 'કંદર્પજિત' એવું બિરુદ ધારણ કર્યું છે. વ્યવહારભાષ્ય નામના સૂત્રમાં કહ્યું છે કે–પૂજકો જિનબિંબ ઉપર આવા અલંકારરૂપ શૃંગાર ધારણ કરી–કરાવી પ્રભુને જુહારે છે એટલે યાત્રા કરે છે, ભેટે છે, દર્શન કરે છે વિગેરે વિગેરે... હે પ્રભુ, આપ ભાવવૃદ્ધિરૂપ આત્માને બનાવવામાં અમને ઉમંગ આપનારા છો. શુદ્ધ ભાવના નિમિત્તકાર બની આપ અમને પ્રભુની પૂજામાં પ્યાર ઉત્પન્ન કરાવો છો. પ્રભુનું રહસ્ય એ છે કે–"નિમિત્તવાસી આત્મા" હોવાથી પ્રભુની અલંકાર પૂજા કરી, પ્રભુ પ્રત્યે રાગ અને ભકિતરાગ ઉત્પન્ન કરે છે. તેમાં પ્રભુની મૂર્તિ આલંબનરૂપ છે. પછી સંસારના પૌદ્ગલિક ઘરેણાં ઉપરથી રાગ ઉતારી દર્શન જ્ઞાન ચારિત્રરૂપ ભાવ ઘરેણાંને આત્મા ધારણ કરે છે. ત્યારબાદ વચન અનુષ્ઠાન અને અસંગ અનુષ્ઠાનમાં પ્રગતિ કરે છે. જ્યાં સુધી ભાવ અલંકાર પ્રાપ્ત થયા ન હોય, નિરાલંબન અવસ્થા પ્રાપ્ત થઈ ન હોય, ગૃહસ્થ જીવન હોય ત્યાં સુધી તો જિનબિંબને જિનેશ્વર પ્રભુ તુલ્ય માની પૌદ્ગલિક સુવર્ણ અલંકારથી પૂજા કરવી તે પ્રાથમિક અવસ્થામાં "આ દ્રવ્ય આભરણ પૂજા" સાધકરૂપ બને છે. અને પરંપરાએ મોક્ષસ્થાન પમાડે છે. એવી રીતે દ્રવ્ય અને ભાવથી આભરણ પૂજા શ્રાવકો કરે છે અને એકલી ભાવ પૂજા સાધુઓ કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ખાસ વસાવી લેવા જેવું લભ્ય સાહિત્ય

આ સભા તરફથી આજ સુધીમાં સંસ્કૃત, માગધી, ગુજરાતી, ઈંગ્લીશ તથા હિન્દી ભાષામાં લગભગ બસો નાના-મોટા ગ્રંથો પ્રગટ કરવામાં આવ્યા છે. તેમાંનું મોટા ભાગનું સાહિત્ય તરત ઉપડી જતાં આજે સ્ટોકમાં નથી, હાલ જે થોડાઘણાં ગ્રંથો મળે તેમ છે તેની યાદી નીચે આપવામાં આવેલ છે. આપે તે ન વસાવ્યા હોય તો સત્વર મંગાવી લેવા વિનંતી છે.

## સંસ્કૃત ગ્રંથો

### ભગવાનના ચરિત્રો

| | |
|---|---|
| ૧ શ્રી શ્રેયાંસનાથ ચરિત્ર | ૭-૮-૦ |
| ૨ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભા ૨ | ૨-૮-૦ |
| ૩ શ્રી પાર્શ્વનાથ ચરિત્ર | ૧૩-૦-૨ |
| (ભારે કાગળ) | ૧૫-૦-૦ |
| ૪ તીર્થંકર ચરિત્ર (ચોવીશ તીર્થંકરોના ચરિત્રો તથા ચોવીશે ભગવાનના પંચરંગી ચિત્રો સાથે) | ૬-૦-૦ |

### ચરિત્રો વિગેરે

| | |
|---|---|
| ૫ આદર્શ જૈન સ્ત્રી રત્નો ભા ૨જો | ૨-૦-૦ |
| ૬ કથારત્ન કોશ ભા. ૧લો | ૮-૦-૦ |
| ૭ " " ભા. ૨જો | ૬-૦-૦ |
| ૮ દમયંતી ચરિત્ર | ૬-૮-૦ |
| ૯ સંઘપતિ ચરિત્ર | ૬-૮-૦ |
| ૧૦ શ્રી વિજયાનંદસૂરિ (રા. સુશીલકૃત) | ૦-૮-૦ |
| ૧૧ વસુદેવ હિન્ડી [ગુજરાતી ભાષાંતર] | ૧૫-૦-૦ |

### પૂજા અને કાવ્યો

| | |
|---|---|
| ૧૨ આત્મવલ્લભ પૂજા-સંગ્રહ | ૩-૦-૦ |
| ૧૩ ચૌદ રાજલોક પૂજા | ૦-૪-૦ |
| ૧૪ નવાણું અભિષેક પૂજા | ૦-૪-૦ |
| ૧૫ વીશ સ્થાનક પૂજા(અર્થવાળી) | ૧-૪-૦ |
| ૧૬ સમ્યગ્દર્શન પૂજા | ૦-૪-૦ |
| ૧૭ ચારિત્રપૂજાદિત્રયી સંગ્રહ | ૦-૪-૦ |
| ૧૮ જૈન ઐતિહાસિક કાવ્ય સંગ્રહ | ૨-૧૨-૦ |
| ૧૯ કાવ્ય સુધાકર | ૨-૮-૦ |
| ૨૦ સજ્ઝાયમાળા(ભીમશી) | ૪-૮-૦ |
| ૨૧ આત્મકાન્તિપ્રકાશ | ૦-૮-૦ |

### તત્વ અને હિતોપદેશાદિ

| | |
|---|---|
| ૨૨ તત્ત્વનિર્ણયપ્રાસાદ | ૧૦-૦-૦ |
| ૨૩ આરંભસિદ્ધિ | ૧૦-૦-૦ |
| ૨૪ જૈન તત્ત્વસાર | ૧-૦-૦ |
| ૨૫ ધર્મબિન્દુ (આવૃતિ બીજી) | ૩-૦-૦ |
| ૨૬ આચારોપદેશ | ૧-૦-૦ |
| ૨૭ અનેકાન્ત (ગુજરાતી) | ૧-૦-૦ |
| ૨૮ " (ઈંગ્લીશ) | ૨-૦-૦ |
| ૨૯ નમસ્કાર મહામંત્ર | ૧-૦-૦ |
| ૩૦ જૈન ધર્મ | ૧-૦-૦ |
| ૩૧ જૈન ધર્મવિષયક પ્રશ્નોત્તરી | ૧-૦-૦ |
| ૩૨ પંચ પરમેષ્ટી ગુણરત્નમાળા | ૧-૮-૦ |
| ૩૩ પ્રકરણ પુષ્પમાળા ભા. ૨જો | ૧-૦-૦ |
| ૩૪ શ્રમણ સંસ્કૃતિ | ૪-૧૨-૦ |
| ૩૫ શ્રાવકધર્મ વિધિ પ્રકરણ | ૧-૮-૦ |
| ૩૬ જ્ઞાન પ્રદીપ ભા.૧લો | ૪-૦-૦ |
| ૩૭ " ભા ૨જો | ૪-૦-૦ |
| ૩૮ " ભા ૩જો | ૨-૦-૦ |
| ૩૯ આત્માનંદ જન્મશતાબ્દિ અંક | ૨-૮-૦ |
| ૪૦ જ્ઞાનપ્રદીપ ભા.૧થી૩ સાથે | ૮-૦-૦ |

## દીપોત્સવી સુધીમાં

દીપોત્સવી સુધીમાં ઉપરના ગુજરાતી પુસ્તકો મંગાવનારને :-

રૂા. ૨૫) ની કીમત સુધીના પુસ્તકો ઉપર ૬ ૦/૦ ટકા

રૂા. ૫૦) ની કીમત સુધીના પુસ્તકો ઉપર ૧૨ાા ૦/૦ ટકા

રૂા. ૧૦૦) ઉપરની કીમતના પુસ્તકો ઉપર ૨૦ ૦/૦ ટકા

ખાસ કમીશન કાપી આપવામાં આવશે.

લખો:- શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર (સૌરાષ્ટ્ર)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. N. B. 431

# ચિંતન અને મનન

न चाहु न च भविस्सति न चेतरहि विज्जति ।
एकन्तं निन्दितो पोसो एकन्तं वा पसंसितो ॥

—એકલી નિંદા પામેલો કે એકલી પ્રશંસા પામેલો માણસ થયો નથી, થશે નહિ, અત્યારે છે પણ નહિ. —ધમ્મપદ

चित्तस्यैकस्य दमनात् सर्वे दान्ता भवन्ति ।

—એક ચિત્તને કબજે રાખવાથી બધાં કબજે થાય છે.
—બોધિચર્યાવતાર

દીવો સળગાવી કોઇ તેને ખાટલા નીચે સંતાડે નહિ, પણ બધે પ્રકાશ પડે એ રીતે વચ્ચે ગોઠવે તેમ જ્ઞાન સંતાડી રાખવાનું ન હોય.
—ઇશુ ખ્રિસ્ત

કોઇ પણ ચીજ ગ્રાહ્ય અથવા ત્યાજ્ય છે એવું મેં કહ્યું છે, એમ માનવામાં ન આવે. મેં એ ચીજને ગ્રાહ્ય કહી છે જેને ખુદાએ ગ્રાહ્ય કહી છે. એ જ ચીજને મેં ત્યાજ્ય યા તો હરામ કહી છે. કે જેને ખુદાએ ત્યાજ્ય યા તો હરામ કરી છે. —હજરત મહંમદ સાહેબ

જેવું જે ચિંતવે છે તેવો તે થાય છે—શ્રી રામકૃષ્ણ પરમહંસ

પરમ સત્ય આપણી પોતાની અંદર વસે છે—સ્વામી વિવેકાનંદ

બધાં પાપપુણ્યની જડ મનની અંદર રહે છે. મન સાફ થાય તો બાહ્ય ભાગ શોભે.
—ગાંધીજી

આ ચરાચર જગતમાં જ્યાં આપણે આપણા હૃદયનો ધર્મ જોઇએ છીએ ત્યાં આપણું હૃદય આપમેળે જ કાંઇ પૂછ્યા વિના આત્મસમર્પણ કરી દે છે. —ગુરુદેવ રવીન્દ્રનાથ ઠાકુર

આધ્યાત્મિક બાબતોમાં દરેકે પોતપોતાના અંતઃકરણને અનુસરવું જોઇએ.
—રાધાકૃષ્ણન

જેવી રીતે સુવર્ણને અગ્નિમાં તપાવવાથી તે સ્વચ્છ થાય છે, તેવી રીતે માણસનું હૃદય પણ પ્રેમાગ્નિથી ઓગળી જઈ સ્વચ્છ થઈ શકે છે.
—હેરિયટ બીચર સ્ટો

મુદ્રક : હરિલાલ દેવચંદ શેઠ-શ્રી આનંદ પ્રિ. પ્રેસ, ભાવનગર.

For Private And Personal Use Only